VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# શિક્ષણમાં સાહિત્ય અને સાહિત્યમાં શિક્ષણ

## અઝીઝ ઈબ્રાહીમ છરેચા

પી.એચ ડી સંશોધનાર્થી

અંજાર કચ્છ-૩૭૦૧૧૦

મો.૭૬૦૦૧૪૧૮૯૨

ઇમેઇલ: azizchhrecha@gmail.com

ધર્મનું સ્મારક મંદિર ,ન્યાય નામની ઘટનાનું સ્મારક ન્યાયાલય ,ગુનાનું સ્મારક કેદખાનું ,નશાનું સ્મારક શરાબ -ખાનું ,કામાસકિતનું સ્મારક વેષ્યાગૃહ તેમ શિક્ષણનું સ્મારક??!!.... 'નિશાળ' માત્ર ન થઈ શકે. શિક્ષણનું સાચું સ્મારક મારી દ્રષ્ટિએ તો સાહિત્ય થઈ શકે .ગાંધીજીના કોઈપણ સ્મારકો ગમે તેટલા બને કે પછી ગમે તેટલા ભવ્ય હોય તો પણ આખાને આખા ગાંધીને સમાવી શકે ખરા?? પણ ' સત્યના પ્રયોગો ' , ' ગાંધીજીનો અક્ષરદેહ ', ' હિંદ સ્વરાજ ' , ' અનાસક્તિયોગ ' વગેરે જેવા ગાંધી સાહિત્યથી જ ગાંધીજીને સમાવી શકાય , સમજી શકાય , જાણી શકાય ;આવો અનન્ય સંબંધ છે સાહિત્ય અને શિક્ષણનો. - ઈ. સ.૧૮૭૧માં થયેલા ફ્રાન્સ અને જર્મની વચ્ચેના યુદ્ધમાં ફ્રેંચ હાર્યા જર્મન જીત્યા. તેના કારણો શોધાયા તેમાં એક એવું પણ કારણ હતું કે જર્મનોના શિક્ષણમાં તેમની સાહિત્યકૃતિઓ ખૂબ પ્રેરણાદાયી છે જેથી કરીને તેઓ જીત્યા.શિક્ષણ અને સાહિત્ય એ પરસ્પર એકબીજાને માટે સાપેક્ષ અને નિરપેક્ષ રીતે જોડાયેલા છે.

શ્રીમદ ભાગવત્- માં સાહિત્યની એક વ્યાખ્યા આપી છે, સાહિત્ય માટે તેમાં આપણો પ્રાચીન વાંગ્મય શબ્દ પ્રયોજાયો છે અને કહ્યું છે કે, 'વાંગ્મય તે જે સમાજનાં પાપને ધોઈ નાખે'.પાપને ધોવાની વાત જવા દઈએ પણ મહદઅંશે જીવનમાં રહેલાં અનિષ્ટોને કે કુસંસ્કારોને ધોઈ આપે તો પણ સારું.પણ તે ત્યારે શક્ય બને છે જયારે સાહિત્યમાં શિક્ષણ અને શિક્ષણમાં સાહિત્ય બંને ઓતપ્રોત થાય. શિક્ષણ અને સાહિત્ય એકબીજાથી પરસ્પર જોડાયેલા હતા અને રહેશે.શિક્ષણનાં કોઈ પણ વિષયને સાહિત્ય સાથે જોડી શકાય...જેમકે ભૂમિતિનો ત્રિકોણ જીવનના પ્રણયત્રિકોણની વાત છેડે, તો વિજ્ઞાનની મહાન શોધ જીવન પુરુષાર્થનો પાઠ શીખવે,પર્યાવરણનો વિષય પ્રકૃતિની તાજગીનો અનુભવ કરાવે ગણિતનો બિંદુએ બ્રહ્મતત્ત્વની સૂક્ષ્મતા બતાવી શકે એટલું બળકટ છે સાહિત્યનું શિક્ષણ. શિક્ષણના કોઈ પણ વિષયમાં સાહિત્ય સરળતાથી વિનિયોગ સાધી શકે તેમ છે.સાહિત્ય અને શિક્ષણનો એટલો અભિન્ન નાતો છે કે વિવિધ વિષયોના શિક્ષણ માટે પણ ભાષા - સાહિત્યનો માધ્યમ સ્વીકારવું પડે છે. વળી સાહિત્યકારે અનુભવેલી વાત આપણા સુધી પહોંચી સાહિત્ય થઈ જ.વિના સાહિત્ય કંઈ શિક્ષણ પ્રણાલિ સફળ થઈ શકે?? હવે પ્રશ્ન એ છે કે આપણે સાહિત્ય કોને ગણીએ છીએ...?એ દરેક પ્રકારનું લેખન છે હિત સાધી શકે અને રોચકતાથી અને રસપૂર્વક માણસને જોડી રાખે એના અંતરંગ જીવનના વિકાસ માટે.

ઇતિહાસ કાળગ્રસ્ત થતો જાય છે, વિજ્ઞાનનાં સિધ્ધાંતોમાં સૂત્રો, નિર્ણયોમાં,તથ્યોમાં, સમયાંતરે પરિવર્તન આવે છે,ગણિત પોતાની નિશ્ચિત ઢબથી ઝડપથી નિશ્ચિત રીતે જ ગળે ઉતરે.જ્યારે સાહિત્ય સર્વજનસુલભ ,સર્વસ્વીકૃત અને સર્વકાળે ટકી શકે તેવા સ્વરૂપમાં પીરસાતું જ જાય છે.સાહિત્ય એટલે જ સમગ્રતાનું શિક્ષણ.જેમાં ઇતિહાસની પ્રાચીનતા પણ છે વિજ્ઞાનની માફક સિદ્ધાંતો,તથ્યો પણ ધરાવે છે તો વળી ગણિતની માફક કોયડા અને ઉકેલ પણ બતાવે છે.

વિનોબા ભાવે કહ્યું છે કે" વિજ્ઞાનમાં આધુનિકતમ પુસ્તકો જોઈએ અને સાહિત્યમાં પ્રાચીનતમ ,કારણ સાહિત્યની પરીક્ષા કાળ કરતો હોય છે .જે સાહિત્ય સારું ન હોય તેને કાળ બાજુ એ કરી દેતો હોય છે અને જે ટક્યું તે સાહિત્યનો શાશ્વત અંશ ."જે શાશ્વત છે તેના જેવું ઉમદા શિક્ષણ કોણ આપી શકે? જો સાહિત્ય થકી શિક્ષણ પ્રાપ્ત થાય તો તે ચિરંજીવ બની રહે છે.

http://vidyajournal.org

એટલા માટે તો કહેવાયું છે ને साहित्य संगीत कला विहीन साक्षात पशु पुच्छ विषाण विहिन અર્થાત્ સાહિત્ય , સંગીત અને કલા વગરનો માણસ પૂછડાં વિનાના પશુ જેવો છે.સાહિત્યના વિષયમાં અનુસ્નાતક થયેલો કોઈ શિક્ષક સાહિત્યકૃતિને સમજાવી ન શકે આસ્વાદી ન શકે ,સર્જનાત્મક સાહિત્યનો થોડો ભાગ પણ ન સર્જી શકે તો તેનું શિક્ષકત્વ ખીલ્યું ન કહેવાય.શિક્ષણ આપવાનો માધ્યમ છે ભાષા પણ તે ભાષા જો સાહિત્યિક હોય તો શિક્ષણકાર્ય પણ ખીલી ઉઠે.

જે ઇશ્વરની સૃષ્ટિમાં નથી જોવા મળતું તે સાહિત્યની સૃષ્ટિમાં છે શશ-શૃંગ (સસલાનું શિંગડું) આકાશપુષ્પ, આકાશકુસુમ કોણે જોયું છે વળી ?પણ સાહિત્યમાં હોય ,આ સાહિત્યની શક્તિ છે. કલ્પનાજગતથી મનોજગતમાં પ્રવેશીને માણસને ઢંઢોળી શકે એવી કેળવણી છે સાહિત્યમાં; આ જ તો જોઈએ છે શિક્ષણને . ભીતર રહેલી સુષુપ્ત વિચારશક્તિને ઢંઢોળીને બહાર લાવી શકે તે શિક્ષણ.અને સાહિત્ય તે જ તો શીખવાડે છે. વિનોબાએ તો સાહિત્યની ખૂબ સરળ વ્યાખ્યા કરી ' સહિત સાથે ચાલનાર એટલે સાહિત્ય.' પ્રત્યક્ષબોધ રુચિકર નથી બનતો ત્યારે સાહિત્ય અભિધા,લક્ષણા ,વ્યંજના, વ્યંગ્યોકિત, વક્રોક્તિ - થી પ્રેમપૂર્વક પરોક્ષ સૂચન બતાવીને સુંદર કેળવણી આપી જાય છે. શું શિક્ષણમાં પણ પ્રત્યક્ષબોધ કરતાં અનુભવગમ્યબોધ વધુ સ્વીકાર્ય નથી લાગતું...?

મોરારીબાપુએ કહ્યું કે" શિક્ષક સાહિત્યિક અને સાંસ્કૃતિક હોવો જોઈએ.શિક્ષક સાહિત્યિક હોય તો તેના શિક્ષણમાં તે હળેમળે અનેક વિદ્યાર્થીઓને ,સાંભળે સૌને, અમલમાં મૂકે શ્રેષ્ઠને, સ્વીકારે શ્રેષ્ઠત્વને, કામ સોંપે પ્રતિબદ્ધને, શાબાશી આપે સક્ષમને, સાચવી લે ભાષાને અને ડામી દે કંટાળા, હતાશાથી ભરેલા જીવનને.... .

"નકશે હુકમ ઈમારત ચલે,

વૃક્ષ ચલે નિજ લીલા;"

શિક્ષણમાં સાહિત્યએ વૃક્ષની જેમ વિસ્તરવાની મોકળાશ કરી આપે , જગતને માણતાં શીખવાડે છે ને સ્વયંને મોકળા મને ખીલતાં શીખવાડે છે.

એક સર્વસામાન્ય નિરીક્ષણ કરતા માલુમ પડ્યું છે કે આપણે ત્યાં પાંચ પ્રકારનું સાહિત્ય ગામડે ગામડે જોવા મળે છે.........જેમાં ૧) છાપું ૨)શાળાના ઉપયોગી પુસ્તકો ૩) નવલકથા ,નાટક, વાર્તા ૪) પૌરાણિક અને ધાર્મિક ગ્રંથો અને ૫) આરોગ્ય વિષયક પુસ્તકો પાંચ પ્રકારના સાહિત્યની ઉન્નતિ એ આપણા શિક્ષણની ઉન્નતિ છે એવું કહી શકાય. એટલે જ આ માટેની સાહિત્યકારો અને શિક્ષકોને જવાબદારી વધી જાય છે.

સાહિત્ય આબાલ-વૃદ્ધ સૌ કોઈને આકર્ષી શકે છે કારણ કે તે જીવનની અખિલાઈને જોવામાં શિક્ષણને ઉપયોગી બને છે. કલ્પના કરો એ સમયની જ્યારે અર્જુન બેસી જાય છે ત્યારે કૃષ્ણનામુખે કહેવાયેલી શ્રીમદ્ ભગવદ્ગીતા અર્જુનને तस्माद उतिष्ठ कौन्तेय બનાવી શકે છે તો આજના માણસને પણ જ્ઞાન, કર્મ ,ભક્તિના એ સાહિત્યિક દ્રષ્ટિકોણથી પ્રેરે છે ગીતાનું સાહિત્ય.સાહિત્ય ક્યારેય તત્કાલિન સ્થિતિ પૂરતું મર્યાદિત નથી હોતું.તે તો દીર્ઘકાળ પર્યંત ઉપયોગી અને ગુણવત્તાયુક્ત હોય છે એટલે તો ગીતાસાહિત્ય આજે મેનેજમેન્ટનું શિક્ષણ પણ આપે છે અને વૈજ્ઞાનિક ઓપન હોમારને પણ दीवीसूर्यसहत्रश्चથી હજારો સૂર્યના પ્રકાશનો અનુભવ પણ કરાવે છે.

એક વાત એ પણ સમજી લેવાની છે કે જ્યારે શિક્ષણમાં સાહિત્યની વાત થાય ત્યારે વિદ્યાર્થીની રસ-રુચિને કેળવે તે જ સાહિત્ય; આટલું સાહિત્યને મર્યાદિત અર્થમાં વ્યાખ્યાયિત ન કરવું ,નહીં તો હાસ્ય, શૃંગાર ,રોદ્ર કે બીભત્સ વગેરે જેવા રસની અભિવ્યક્તિ તો આજનું સિનેમા જગત ક્યાં ઓછું કરે છે. સાહિત્યમાં રસની અભિવ્યક્તિ સાથે કર્તવ્યભાવનાની કેળવણી પણ અપાવી જોઈએ. આથી જ શિક્ષણમાં સાહિત્ય ખુબ જ સમજણપૂર્વક પિરસાવું જોઈએ.એ માટે શિક્ષકે પોતાના સાહિત્યનાં શિક્ષણ માટે શિક્ષણની ધાર કાઢતા રહેવી પડે છે.આવી સમજ સાથે શિક્ષણમાં સાહિત્ય અપાય છે ખરું?એ વિચારણીય પ્રશ્ન છે.

ગાંધીજી માંદા પડ્યા અને ડોક્ટરોએ એમને હળવું વાંચવાની છૂટ આપી ત્યારે ગાંધીજીએ ' ભદ્રંભદ્ર 'વાંચવાનું રાખ્યું.કાકાસાહેબે થોડા સંકોચ સાથે એમને ' ઓતરાતી દીવાલો' વાંચવાની વિનંતી કરી, ત્યારે ગાંધીજીએ પૂછ્યું :"એમાં શેનાં વિશે લખ્યું છે?"કાકાસાહેબે કહ્યું: ' કાગડા , કીડી અને ખિસકોલી વિશે ' ત્યારે ગાંધીજી પુસ્તક વાંચીને ખુશ થઈ ગયાં

http://vidyajournal.org

.એ હકીકત આપણે સૌએ સ્વીકારી છે કે કીડી કે કાગડા વિશે કોઈ આપણને પૂછે તો માંડ દસ- બાર વાક્ય કહી શકીએ .જ્યારે સાહિત્યની આવી કૃતિઓ આપણને આપણી આસપાસના જીવજગત વિશે ઊંડાણથી વિચારતું ,જોતું કરવાનું શિક્ષણ આપે છે .જગતને જોવાનો સૂક્ષ્મનિરીક્ષણનું શિક્ષણ આપે છે.

મને યાદ છે મારા મહાવિદ્યાલયનાં સ્નાતક અભ્યાસકાળ વખતે એક દિવસ જ્યારે મારા એક મિત્રનો બીજા મિત્ર સાથે મોટાઇની બાબતમાં ઝઘડો થયેલો ત્યારે અમારા પ્રાધ્યાપકે એક કાવ્યપંક્તિ સંભળાવી દીધી.." તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો ; ખારા જળનો દરિયોને મીઠા જળનો લોટો" આટલું કહીને એ જતા રહ્યા પણ એ કાવ્યપંક્તિમાં ત્યારે અમને સઘળી સમજણનો શિક્ષણ મળી ગયેલું.

સાહિત્ય આપણને મૌલિકતાનું શિક્ષણ આપે છે ,જે પણ વિચાર, મનન ,ચિંતન ચાલે છે તેને તેવી જ રીતે વ્યક્ત કરવાની કેળવણી આપણને સાહિત્ય જ આપે છે. બાકી તો ગાણિતિક સમીકરણો ,આંકડાઓ ,દાખલાઓ, સૂત્રો, વૈજ્ઞાનિક પ્રયોગો કહો ને ! ઇતિહાસ પણ જેવું છે તેવું જ બતાવવું પડે છે.તેમાં મૌલિકતાને અવકાશ નથી હોતો .સ્વકીય કશું ન ચાલે. જયારે સાહિત્યમાં આપણે સ્વતંત્ર વિચારવિહારનું શિક્ષણ આજલગી ચિરંજીવ છે. નિબંધલેખન હોય કે વાર્તાલેખન આપણે આપણી જાતે વિચારોને સ્વતંત્રપણે વ્યક્ત કરી શકીએ છીએ અને આવી કેળવણી જ જીવનને પ્રકાશિત કરી શકે.

ભાષાસાહિત્યનું શિક્ષણ સાથે ગાઢ સંબંધ છે અને સબંધ જળવાઈ રહે તો જ સાહિત્યમાં શિક્ષણ સફળ કહેવાય.જેમકે...... ' વૈષ્ણવજન ' કાવ્ય અંગ્રેજી ભાષામાં ગાઈએ તો..... ચાલો જોઈએ કેવું લાગે છે.. " અ વૈષ્ણવજન ઇઝ ધ વન હૂ ઈવન વ્હાઇલ ઑબ્લાઈજિંગ ધ અધર પર્સન.. ડઝ નોટ ફીલ પ્રાઉડ મેન્ટ્લી....રે......" સાચું કહેજો ...આ અનુવાદ ' મન અભિમાન ન આણે રે ' નું કેટલું વરવું લાગે છે.....જરા કલાપીના 'ગ્રામમાતા' કાવ્યનું પરભાષામાં અનુવાદની હોવાની કલ્પના કરી જુઓ તો!! એથી અધિક પંક્તિઓ કે કાવ્ય સાહિત્યની મૂળભાષામાં રાખી તેનો અર્થ ભલે જુદી ભાષામાં સમજાવાય તો જ ભાષાસાહિત્યનું અને શિક્ષણનો અનુબંધ જળવાઈ રહેશે.

ગાંધીજીના ' સત્યના પ્રયોગો' માં ચોરીના પ્રાયશ્ચિત કરતાં ગાંધીજીની વાત યાદ આવે: " એ મોતીબિંદુનાં પ્રેમબાણે મને વિંધ્યો, હું શુદ્ધ થયો,એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે." એક જ વાક્યમાં શણગાર અને શસ્ત્ર , મોતી અને બાણ ગોઠવીને પ્રેમરૂપી ઉપદેશની અનોખી રીત ' સત્યના પ્રયોગો'ની સાહિત્યકૃતિ થી સમજી શકાય છે.તો વાલ્મીકિ ઋષિ લખે છે કે વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને ઉઠાડે છે ત્યારે બોલે છે :' विश्वामित्रभ्यभाष्त: उतिष्ठ नरशार्दूल पूर्वसंध्या प्रवर्तते ' ' ઉઠ નરસિંહ ( સિંહ જેવા વીર શિષ્ય) સવાર થવા આવી.' મને લાગે છે કે કોઈ શિક્ષક વાલ્મીકિના આ સાહિત્ય અવતરણને ટાંકી પોતાના વિદ્યાર્થીના મનોબળ દૃઢ કરવા શિક્ષણકાર્યમાં તેને કહે કે ' ઉઠ સિંહ જાગ્યા ત્યારથી સવાર, બેસી ન રહે તો ' મને લાગે છે કે શિક્ષક પ્રત્યે વિદ્યાર્થીને ચોક્કસ અહોભાવ જાગે જ.આવી કેળવણી મળે છે સાહિત્ય મારફતે પણ તેના માટે સાહિત્યસેવનની ટેવ કેળવવી પડે, શીખવી પડે અને એટલે જ શિક્ષણમાં સાહિત્યની ઉપેક્ષા ન ચલાવી લેવાય.

તડકા જેવા વિષયને વ્યાપક રીતે સમજાવવા મકરંદ દવે કાવ્યસાહિત્યમાં લખ્યું :

'તડકો કિયા મલકથી આયો ?
એ તો લચી પડેલી લીંબોળીમાં લીલો થૈને
વગડે વગડે વાયો !
વાડે બેઠી ચકીરાણીની ખુલી ચાંચેય ન સમયો,
એ તો સીમ વચાળે જળ નીતરતા કુવા થાળે
ખળખળ થૈને નહાયો,
એ તો તલાવડી માં ડૂબકી દઈને ,
બાવળિયાને સળી કરીને ,
ભીનો થઈને ભરાયો."

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

આવા તડકાના કાવ્ય સાહિત્ય ને જો શિક્ષક ગાઈને સંભળાવે તો બપોરના ધખતા તડકામાં પણ વિદ્યાર્થી ખુશખુશાલ થઈ જાય. અને હા ! નરસિંહ મહેતાનાં તત્વજ્ઞાનના શિક્ષણથી ભરપૂર પ્રભાતિયાં પણ ઘરે ઘરે પહોંચ્યા કારણ પ્રભાતિયાંમાં ઝીલાયો સાહિત્યનો પદ્ય ગેયસ્વરૂપ.

શિક્ષણમાં સાહિત્ય કેટલું ઉપકારક બની શકે છે તે જોવું હોય તો સાહિત્યનું પુષ્કળ વાંચન કરવું જોઈએ. દુર્ભાગ્ય આપણે ત્યાં ભાષાશિક્ષણ આપનારા સાહિત્યનું સેવન ન કરે તો શું કરવું ? કિશનસિંહ સોલંકીની ' અમાસના તારા ' નિબંધસાહિત્ય કૃતિ માનવતાનું સુંદર શિક્ષણ આપી જાય છે જેમાં કહ્યું છે:" મારા અંતરમાં પણ એક છબી કોરાઈ ગઈ.મરેલી બહાદુરી પડી હતી અને સાથે જીવતી કાયરતા ઊભી હતી !" હવે વિચારો કે મરેલી બહાદુરી અને જીવતી કાયરતા કેવી હશે?...(અને એ સમજવા પુસ્તક વાંચવું પડે.. ) સંબંધોનું મહત્ત્વ ' ક્ષિતિજ 'માં સુરેશ જોશીનું સાહિત્ય આપે છે:"નાનું ઘર હોવાના અનેક ફાયદા છે એ ઘનિષ્ઠતાને અનિવાર્ય બનાવી મૂકે છે" અહીં ઘનિષ્ઠતાના ઘણા અર્થ નીકળે પણ તે સમજવા સાહિત્ય તરફ જવું પડે. વળી પ્રકૃતિને માણવાનું શિક્ષણ આપતા તેમના ' કિંચિત્ ' માં જણાવે છે," ઘાસના બીડ પર આંગળી ફેરવીને સરગમ છેડી જતાં પવનને જોવો એ પણ લ્હાવો છે."તો જીવનની ફિલસૂફીનું શિક્ષણ આપતું ચિરંજીવ વાક્ય :" વરસો ચિત્તાનાં લાકડાંની જેમ ખડકાતાં જાય છે ,અગ્નિ જ એ કાષ્ઠનાં ભાર ને હલકો કરી શકે. પણ સમયને ઉલેચીને ઠાલો કરી નાખવાની કળા પણ કેટલાક લોકોને આવડે છે, એમને માટે સમય રમકડું છે." એકવાર એક દર્દી સાવ જ ઉદાસ ચહેરે બેઠા હતાં ત્યારે ડોક્ટરે સાહિત્યિક રીતે તેમને પૂછી લીધું કે 'રાત્રિના નિંદ્રાદેવી આવ્યાં હતાં?' તો દર્દીને નવાઈ લાગી કે ડોક્ટર શું પૂછે છે? પછી તરત કહ્યું ' હા, હું તો સુઈ ગયો હતો પણ તે આવ્યા હોય તો મને ખબર નથી હો.' નિંદ્રા દેવી એટલે ઊંઘ. સીધું પૂછવાને બદલે ડોક્ટર સાહિત્યની શૈલીમાં પૂછ્યું ;બસ આમ જ શિક્ષણમાં પણ સાહિત્ય આવી રીતે ઘૂંટાતો જાય તો વિદ્યાર્થીઓ શિક્ષણમાં સાહિત્યથી રોજ તરબોળ થઈ શકે છે "આભનાં થાંભલા રોજ ઉભા રહે ,

વાયુનો વીંઝણો રોજ હાલે અને

ઉદયને અસ્તનાં દોરડા ઉપરે

નટ બની રોજ રવિરાજ મહાલે,

ભાગતી.. ભાગતી...પડી જતી પડી જતી,

પણ રાત નવ સૂર્યને હાથ આવે ...

કારણ?

કર્મવાદી બધાં કર્મ કરતા રહે તો એને ઊંઘવું કેમ ફાવે?"

સાચે જ આ રવિરાજની માફક શિક્ષક જ કર્મવાદી બનીને સાહિત્ય અને શિક્ષણને જોડી શકે.જેમ કોઈ દીકરી કે માતા આભુષણો પહેરે તો તેનો તેને બોજ ન લાગે પણ શૃંગારિક લાગે તેમ શિક્ષણમાં પણ સાહિત્યિક ભાષાનો વિનિયોગ શિક્ષણકાર્યને શૃંગારિક બનાવી શકશે ..પણ તેના માટેનું કર્મ શિક્ષકે કરવાનું પડે.

એ વાતમાં શંકા નથી કે સાહિત્યના શિક્ષણ વિના વિદ્યાર્થી કશું પામી શકશે નહીં.સફરજન કાપનારી છરી સફરજનના બિયાંને કાપી શકે ખરી? એટલે સાહિત્ય દ્વારા અપાતા શિક્ષણનાં ગર્ભબીજને નકારી ન શકીએ ,કાપી ન શકીએ,કાઢી ન શકીએ. સાહિત્યમાં શિક્ષણની અને શિક્ષણમાં સાહિત્યની અર્થ ગર્ભબીજ અપાર શક્યતાઓ રહેલી છે .એ વાત નિર્વિવાદિત છે.

## સંદર્ભ :

1. શાહ ગુણવંત :પતંગિયાની અવકાશ યાત્રા
2. દવે મકરંદ :મકરંદ દવે કાવ્ય સંગ્રહ
3. જોષી સુરેશ :સુરેશ જોશી સાહિત્યવિશ્વ ગ્રંથસ્થ નિબંધ ખંડ ૧

http://vidyajournal.org